જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૪/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા:-** — સમાચાર યાદી નં.૭૧૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી ૧૩૭ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને ઇ સ્કૂટર કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** — સમાચાર યાદી નં.૭૧૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ:-** — સમાચાર યાદી નં.૭૧૨/૧૬

**જીઆઈડીસી વટવા: ભરતભાઈ ખેમજીભાઈ (રહે.પથિક એપાર્ટમેન્ટ સરસ્વતી હાઈસ્કૂલ સામે મણીનગર) એ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૧૫/૪/૧૬ સાંજના ૭/૦૦ થી તા.૧૬/૪/૧૬ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન નિરજ ઓપ્ટીકલ મશીનરી નામના કારખાનાના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી ચાંદીના સિક્કા નંગ-૫૦, ચાંદીની પાઈલ નંગ-૫ સીસી કેમેરા ડીવીઆર, યુએસ ડોલર-૬૦૦ અને રોકડ રૂપિયા ૩૫૦૦/- મળી કુલ રૂપિયા ૭૪,૧૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી આઈ એ ઘાસુરા ચલાવે છે.**

**ચોરી:-** — સમાચાર યાદી નં.૭૧૩/૧૬

**સેટેલાઈટ: રૂપેશ દીપકભાઈ શાહ (રહે.મયુરપંખ સોસાયટી ઉમિયા વિજયની ગલીમાં સેટેલાઈટ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૪/૧૬ કલાક ૭/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાંથી એપલ કંપનીનુ આઈપેડ કિમત રૂપિયા ૧૭,૯૦૦/- અને એપલ કંપનીનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી જે કે વાઘેલા ચલાવે છે.**

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયા:-** — સમાચાર યાદી નં.૭૧૪/૧૬

**સોલા હાઈકોર્ટ:** નીતાબહેન વિનોદભાઈ પટેલ (ઉ.વ.૪૬) (રહે. ધરતી-૨ માધવબાગની બાજુમાં ચાંદલોડીયા) તા.૧૬/૪/૧૬ કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે ચાંદલોડીયા કુમકુમ પાર્ટી પ્લોટ નજીકથી ચાલતા પસાર **થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નીતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નીતાબહેન પટેલે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી પી કે અસોડા ચલાવે છે.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૧૫/૧૬**

**શહેરકોટડાઃ** દિનેશભાઈ દેવચંદભાઈ દંતાણી (ઉ.વ.૩૦) (રહે.વિજય મીલ ઔડાના મકાન નરોડા રોડ) એ તા.૧૨/૪/૧૬ રાતના ૧૦/૩૦ પોતાના ઘરે જમવામાં શાક-રોટલીના બદલે દાળ-ભાત મળતા, દારૂ પીધેલ હોઈ પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૬/૪/૧૬ કલાક ૯/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વાલસંગભાઈ મલાભાઈ ચલાવે છે.

**રીવરફ્રંટ ઈસ્ટઃ** મુન્નાભાઈ રાજુભાઈ દાંતણીયા (ઉ.વ.૧૯) (રહે. કાજીમીયાનો ટેકરો કાંચા છાંપરા માસ્તર પેટ્રોલ પંપ પાસે, માધવપુરા) ને તેની માતાએ કામ ધંધો કર પછી તારા લગ્ન કરાવું તેવું કહેતા મુન્નાભાઈને મનમાં લાગી આવતા તા.૧૫/૪/૧૬ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલાં કોઈપણ સમયે ગાંધીબ્રીજ પરથી સાબરમતી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી પ્રવીણસિહ અળખાભાઈ ચલાવે છે.

**રીવરફ્રંટ વેસ્ટઃ** વાલીબહેન ગણપતભાઈ સેંધલ (ઉ.વ.૭૦) (રહે.કેશવજી વાઘેલાની જુની ચાલી મીરાસીવાડ ખાનપુર) એ કોઈ અગમ્ય કારણસર તા.૧૬/૪/૧૬ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલાં કોઈપણ સમયે પતંગ હોટલની સાઈડ નહેરૂબ્રીજ પશ્ચીમ તરફ રીવરફ્રંટ સાબરમતી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ શ્રી એ બી ગોહીલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)